# અક્રમ યુથ

જુલાઈ ૨૦૨૦ ગુજરાતી
દાદા ભગવાન પરિવાર
₹ 20




કોઈપણ જીવ પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાનો
કોઈનો કિંચિત્‌માત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય...

# અનુક્રમણિકા


04 અવર્ણવાદ, અપરાધ, અવિનય એટલે શું ?

06 જ્ઞાની વિથ યુથ

08 પારકી પંચાત

10 શું તમને ખબર છે ?

12 અક્રમ પીડિયા

14 અનુભવ

16 Quotes

18 Q & A

20 ચાલો, મદદ કરીએ

23 #કવિતા



વર્ષ: ૮, અંક : ૩
સળંગ અંક : ૮૭
જુલાઈ ૨૦૨૦



**સંપર્ક સૂત્ર :**
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org
store.dadabhagwan.org/akram-youth



**તંત્રી -** ડિમ્પલ મહેતા

**Printer & Published by**
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Owned by**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gandhinagar

**Published at**
Mahavideh Foundation
Simandhar City, Adalaj -
382421. Taluka & Dist - Gndhinagar

**Printed at : Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025. Gujarat.
Total 24 Pages with Cover page

## Subscription

Yearly Subscription
India :200 Rupees
USA: 15 Dollars
UK: 12 Pounds
5 Years Subscription
India : 800 Rupees
USA: 60 Dollars
UK: 50 Pounds
In India, D.D. / M.O. should be drawn
in favour of "Mahavideh Foundation"
payable at Ahmedabad.



© 2020, Dada Bhagwan Foundation.

All Rights Reserved



# સંપાદકીય

ટીવી જોતાં, રમત રમતાં, મિત્રો સાથે ટોળ-ટપ્પણી કરતાં કે બીજી કોઈપણ પરિસ્થિતિમાં વ્યક્તિઓ વિષે કંઈક ને કંઈક અભિપ્રાય બંધાઈ જાય છે. મોટેભાગે આ અભિપ્રાય અને એને આધારિત વાણી નકારાત્મક હોય છે. આમાંની અમુક વ્યક્તિઓ તો હયાત પણ હોતી નથી. વળી, ઘણી ખરી વ્યક્તિઓ જેવી કે દેશ-વિદેશના નેતા, અભિનેતા/અભિનેત્રી, રમતવીરો વગેરે જેને આપણે ક્યારેય મળ્યા પણ ન હોઈએ, આપણી પાસે તેમની કોઈ વ્યક્તિગત જાણકારી પણ હોતી નથી, છતાં તેમના ઉપર બેફામપણે દોષારોપણ થઈ જતું હોય છે. આ ઉપરાંત નજીકની વ્યક્તિઓ, સગા-સંબંધી, મિત્રો, શિક્ષકો વગેરે માટે પણ તેમની ગેરહાજરીમાં નિંદા-કૂથલી થઈ જતી હોય છે. આને કળિયુગનો પ્રભાવ કહો કે મનુષ્યનો પ્રાકૃતિક દુર્ગુણ, પણ નાનાથી લઈને મોટી ઉંમરના સહુના વ્યવહારમાં આ એક કુટેવ બહુ સામાન્યપણે જોવા મળે છે.

મિત્રો, નવાઈની વાત તો એ છે કે આવું અવિરત ચાલ્યા જ કરતું હોય છે અને અજાણતાં જ આપણે આવતા ભવ માટે અધોગતિના બીજ દિવસ-રાત રોપી દેતાં હોઈએ છીએ ! અક્રમ યુથના આ અંકમાં પરમ પૂજ્ય દાદા ભગવાને આપેલી નવ કલમોમાંની આઠમી કલમ માટે વિસ્તૃત સમજણ મેળવીએ. જેથી કરીને આવી ભૂલો ક્યાં-ક્યાં થાય છે, તે આપણી દૃષ્ટિમાં આવે અને આ કુટેવમાંથી બહાર નીકળી શકાય, તે માટે શક્તિઓ માંગીએ.

- ડિમ્પલ મહેતા

# અવર્ણવાદ
# અપરાધ
# અવિનય
# એટલે શું ?

## અવર્ણવાદ

અવર્ણવાદ એટલે 'જેમ છે તેમ' કહેવાને બદલે ઊંધું ચીતરવું. સારું હોય કે ખોટું હોય, બધાને ખોટું જ કહેવું. અવર્ણવાદ એ નિંદાથી પણ ખરાબ કહેવાય છે. ગાઢ નિંદા એટલે અવર્ણવાદ !

જેમકે કોઈ માણસની સારી કીર્તિ અને મોભો હોય, તેના માટે ઊંધી વાતો ફેલાવવી, એ અવર્ણવાદ કહેવાય.

# અપરાધ

અપરાધ શબ્દ ''રાધ'' ધાતુ ઉપરથી ઊતરી આવ્યો છે. આરાધના કરે તો ઉર્ધ્વગતિ થાય અને વિરાધના કરે તો અધોગતિ થાય. પણ જાણે કે અહીં વિરાધના કરવા જેવું નથી, છતાં ઈચ્છાપૂર્વક જાણી જોઈને વિરાધના કરે તો તે અપરાધ કહેવાય. અપરાધ એટલે 'પોતે કરે છે, તે ખોટું છે' એમ જાણવા છતાં, અપરાધી પોતે તો આગળ ન જ વધે અને કોઈને આગળ વધવા પણ ન દે.


બહુ તીવ્ર ભારે અહંકાર હોય કે તંતે ચડ્યો હોય તે અપરાધ કરી બેસે.

# અવિનય

પોતાને બીજાથી મોટા માનીને ફરવું એ અવિનય છે. કોઈને કિંચિત્માત્ર દુઃખ ન થાય, એ વિનય અને વિનય ન કરવો, એટલે કોઈને દુઃખ આપવું તેનું નામ અવિનય.


પદ્ધતિસર સામો થયો હોય, ત્યારે વિરાધના કરી કહેવાય. જ્યારે અવિનય એનાથી નીચલું સ્ટેપ છે. અવિનય એટલે 'મારે કંઈ લેવાદેવા નહિ' એવો અભિગમ.

# જ્ઞાની વિથ યુથ



## પ્રશ્ન : આપણે કોઈ મૃત વ્યક્તિના અપરાધમાં કેવી રીતે પડીએ છીએ ?

**પૂજ્યશ્રી :** ભલે કોઈ વ્યક્તિથી પોતાના જીવનકાળ દરમિયાન કોઈ ભૂલ-ચૂક થઈ ગઈ હોય, પણ તેમના ગયા પછી તેમના માટે એક અક્ષરેય અવળો ન બોલાય. 'રાવણ આવા હતા, તેવા હતા.' એવું બોલીએ તો મોટો ગુનો કહેવાય. મહાન વિદ્યાધર રાવણ, ક્ષાયક સમકિતધારી અને ભાવિ તીર્થંકરનું મોટું પદ પામ્યા હતા. તેમના માટે અવળું ન બોલાય. લોકો અવળું બોલે છે અને ગુનો બાંધીને ચાર ગતિમાં ભટક્યા કરે છે. આપણું ઠેકાણું ન હોય, ત્યાં રાવણનું ઊંધું ચીતરવાનો આપણને અધિકાર છે ? કોઈ સાંભળનાર મળે એટલે વ્યક્તિ બોલતાં અટકતો નથી અને સમજ્યા વગર વિરાધનાઓ કર્યા કરે છે. ભલે એ વ્યક્તિએ દેહ છોડી દીધો, પણ તે પોતે ક્યાંક તો છે જ ને આ બ્રહ્માંડમાં ? એમને સ્પંદન પહોંચે અને આપણને ગુના ચોંટે, માટે એમનું કે કોઈનુંય અવળું ન બોલાય. બહુ ચેતવા જેવું છે !



**પ્રશ્ન : કોઈ મૃત વ્યક્તિ માટે આપણે એવું કહીએ કે ''મને કશું લેવા-દેવા નથી.'' તો આપણે અવિનય કર્યો કહેવાય ?**



**પૂજ્યશ્રી :** આપણે એવું શું કામ બોલવું પડે ? ''હા, ગયા તે સારા માણસ હતા.'' એવું કહીએ એટલે વાત પતી ગઈ. જે વ્યક્તિ ગુજરી ગઈ હોય તેમની કુંડળી જ્યોતિષીને બતાવીએ તો તેઓ શું કહેશે ? ''ફેંકી દો, હવે તેમની કુંડળી જોવાનો કોઈ અર્થ જ નથી. તેઓ ગયા, હવે તેમની ચોપડી ખોલવાની નહિ અને જોવાની નહિ.'' એવું કહેશે, બરાબર ને ? એવી જ રીતે હાજર નથી તે વ્યક્તિની વાત કરવાની જરૂર નથી.

''મારે લેવા-દેવા નથી.'' એવું કહીએ એટલે દ્વેષ થાય. એક જાતનો તિરસ્કાર જ કહેવાય.



# પારકી પંચાત

પીતલપુર ગામમાં રહેતી ઝમકુની પડોશમાં એક દંપતી (રાજુભાઈ અને લક્ષ્મીબેન) રહેતું હતું. એક દિવસ એમની વચ્ચે થોડી બોલાચાલી થઈ ગઈ, જે ઝમકુના કાને પડી. પછી તો આદત મુજબ, તેણે આ નાનકડી વાતને મોટા ઝઘડાનું રૂપ આપીને વાતનું વતેસર કરી નાખ્યું. જોતજોતામાં એમના છૂટાછેડા થવાના છે, એવી અફવા આખા ગામમાં ફેલાઈ ગઈ. થોડા દિવસ પછી ગામના મુખી, અમુક આગેવાનો અને વડીલો સાથે રાજુભાઈ અને લક્ષ્મીબેનને છૂટાછેડા ન લેવા બાબતે સમજાવવા એમના ઘરે પહોંચી ગયા. એ લોકો તો આ વાત સાંભળીને અવાક્ થઈ ગયા ! પણ બધાની વાત સાંભળી થોડી જ વારમાં સમજી ગયા કે આ વાત કોણે ફેલાવી હશે. તેઓને ખૂબ દુ:ખ થયું પણ ઝમકુ વિષે કંઈ બોલ્યા વગર, બધાંને સમજાવીને વિદાય કર્યા.

એક દિવસ ઝમકુ રસોઈ બનાવવાની તૈયારી કરતી હતી, ત્યાં જ સમાચાર આવ્યા કે તેની પિતરાઈ બહેનને બાજુના દવાખાનામાં દાખલ કરી છે. આ સાંભળતાં જ ઝમકુ આંગણામાં રમતા તેના સાત વર્ષના દીકરા બિરજુને સમજાવી હાંફળી-ફાંફળી દવાખાને જવા નીકળી. મમ્મીની દોડાદોડી જોઈ બિરજુને મમ્મીને મદદ કરવાનું મન થયું અને એટલે એ શાક સમારવા બેઠો. આજે પહેલી જ વાર ચપ્પુ હાથમાં લીધું અને તેને વાગી ગયું. દર્દથી પીડાતો અને લોહી જોઈને ડરી ગયેલો બિરજુ જોરજોરથી રડવા લાગ્યો. આ સાંભળી બીજી પડોશણ સુધાએ બારીમાંથી ડોકિયું કરીને જોયું. શાક સમારવા બેઠેલા બિરજુને જોઇને એણે વિચાર્યું કે 'આટલા નાના છોકરા પાસે ઝમકુ રસોઈ બનાવડાવે છે !'

આ ઘટનાના બીજા જ દિવસે, શેરીના અમુક વડીલોએ ઝમકુને દીકરા પાસે કામ કરાવવા બાબતે ખૂબ ઠપકો આપ્યો. પોતાના જીવથી વધારે દીકરાને સાચવતી એવી ઝમકુ આવી અફવા સાંભળીને અતિશય દુઃખી થઈ ગઈ. ત્યાં જ લક્ષ્મીબેને આવીને બધાંને કહ્યું ''તમારી કંઇક ભૂલ થાય છે. ઝમકુ એક શ્રેષ્ઠ માતા છે.'' આ વખતે ગામની થોડી સ્ત્રીઓ બારીમાંથી ડોકિયા કરતી હતી એ જોઇને ઝમકુને આખી વાતનો સાર મળી ગયો. તેને તરત સમજાઈ ગયું કે જેમ પોતે વાતનું વતેસર કરીને ગામમાં અફવા ફેલાવતી હતી, એવું જ તેની સાથે થયું છે. પોતે અત્યાર સુધી જે લોકો વિષે આવી ખોટી વાતો ફેલાવી હતી, એ બધાંની શું દશા થઈ હશે ? એ વિચારીને પોતાની આ આદતમાંથી નીકળવા માટે તે ગામના પાદરે રહેતા સાધુને મળવા ગઈ.

તેણે સાધુને પોતાની સઘળી હકીકત અને સમસ્યા જણાવી. સાધુએ શાંતિથી બધી વાત સાંભળી, થોડું વિચારીને તેના હાથમાં મોરના પીંછા ભરેલી થેલી મૂકતાં કહ્યું ''અહીંથી ઘરે જતી વખતે આ થેલીમાંથી પીંછા રસ્તામાં વેરતા જજો અને કાલે ફરીથી અહીં આવો ત્યારે વેરેલા પીંછા પાછા ભેગા કરીને આ પોટલીમાં નાખીને લેતા આવજો.'' ઝમકુને આશ્ચર્ય થયું પણ સાધુની વાત પર વિશ્વાસ મૂકીને તે રસ્તામાં પીંછા વેરતી વેરતી ઘરે ગઈ. બીજા દિવસે વીણવા ગઈ તો તેને ફક્ત ચાર-પાંચ પીંછા જ મળ્યા, કેમ કે મોટા ભાગના પીંછાઓ આમતેમ ઊડી ગયા હતાં. ઝમકુએ લગભગ ખાલી થેલી સાધુ સામે ધરી. તે જોઈને સાધુએ ઝમકુને સમજાવ્યું, ''જેમ પીંછા વેરવા

**કોઈ વિશે ખરી-ખોટી વાતો ઉડાવવી ખૂબ સહેલી છે, પરંતુ એ અફવાને લોકોના મગજથી દૂર કરવી બહુ કઠિન છે.**

સહેલા છે પણ ઊડી ગયેલા પીંછાને પાછા મેળવવા મુશ્કેલ છે, તેમ કોઈ વિશે ખરી-ખોટી વાતો ઉડાવવી ખૂબ સહેલી છે, પરંતુ એ અફવાને લોકોના મગજથી દૂર કરવી બહુ કઠિન છે. કોઈની સારી વાત ફેલાય એમાં એટલું જોખમ નથી, પણ ખરાબ વાત તો ન જ ફેલાવવી જોઈએ.'' ઝમકુને પોતાની ભૂલ સમજાઈ અને પોતાની આદત ઉપર પસ્તાવો થયો. બસ, ત્યારથી એણે લોકોની નિંદા નહિ કરવાનો નિશ્ચય કર્યો.

મિત્રો, ઝમકુની જેમ આપણે પણ જાણતાં-અજાણતાં આવું કરી બેસતાં હોઈએ છીએ, જેની બીજા ઉપર ખૂબ જ ખરાબ અસર પડે છે.

જો કોઈ વિશે વાત કરવી જ હોય તો સારી જ કેમ ન કરીએ ? આપણને સાંભળવું ગમે, એવું જ બોલીએ.

# શું તમને ખબર છે ?

તિરસ્કાર અને નિંદા જ્યાં હશે, ત્યાં લક્ષ્મી નહીં રહે. લક્ષ્મી ક્યારે ન મળે ? લોકોની કૂથલી, નિંદામાં પડે ત્યારે. મન, દેહ અને વાણી સ્વચ્છ હોય તો લક્ષ્મી મળે.





મૃત્યુ પામેલાનો આત્મા ક્યાંક બીજા દેહમાં છે જ, તેને અવળા ભાવ પહોંચે અને આપણને દોષ લાગે.

કોઈનું અવળું બોલેલું તેને પહોંચી જાય અને આપણા આત્મા ઉપર આવરણ લાવે અને આપણે તેના હિસાબમાં બંધાઈએ.





કોઈનું અવળું બોલીએ, નિંદા કરીએ તે વિરાધના કહેવાય. વિરાધનાથી નીચે પડી જવાય.



તારે માર ખાવો હોય, તો મારીને આવ. તારે નિંદ્ય થવું હોય, તો નિંદા કર.



સહેજ વિનયમાં ખામી હોય તો મોક્ષ ઊડી જાય !



વેપારીઓએ તો બહુ મિક્ષ્ચર (ભેળસેળ) કર્યું છે જાતજાતનું ! તે પછી લોકો એમની નિંદા કરે. આવી રીતે નિંદા કરીને મનુષ્ય ચાર ગતિમાં ભટક્યા કરે છે. એક કલાકની નિંદામાં આઠ ભવ જાનવર ગતિના બાંધે છે !

# અક્રમ પીડિયા





**નામ :** આયુષ મહેતા
**ઉંમર :** ૨૦ વર્ષ

હેલ્લો ફ્રેન્ડ્સ,

દરરોજની જેમ આજે પણ હું નવ કલમો વાંચી રહ્યો હતો.

*‘હે દાદા ભગવાન ! મને કોઈપણ દેહધારી જીવાત્માનો પ્રત્યક્ષ અગર પરોક્ષ, જીવંત અગર મૃત્યુ પામેલાનો કોઈનો કિંચિત્‌માત્ર પણ અવર્ણવાદ, અપરાધ, અવિનય ન કરાય, ન કરાવાય કે કર્તા પ્રત્યે ન અનુમોદાય એવી પરમ શક્તિ આપો.’*

આ આઠમી કલમ વાંચતા જ અમારી પડોશમાં રહેતા જીવાકાકાનો ગઈકાલે સવારે બનેલો પ્રસંગ યાદ આવી ગયો ....


હું અને મારો મિત્ર નવિન બંને સવારે મોર્નિંગ વોક માટે ગયા હતા. અમારા પાછા ફરવાનો સમય થયો જ હતો, ત્યાં જ નવીનના ઘરેથી ફોન આવ્યો કે આપણી પાડોશમાં રહેતા જીવાકાકાનું અવસાન થયું છે. હું અને નવિન એમના ઘર તરફ વળ્યા. રસ્તામાં જીવાકાકાની વાતો કરતાં મેં કહ્યું ‘‘આ જીવાકાકા એકદમ કંજૂસ હતા. મેં એમને ક્યારેય સારા કપડાંમાં જોયા ન હતા.’’ નવિને આ વાતનું સમર્થન આપતાં કહ્યું ‘‘સાચી વાત છે. ભગવાનના નામે કોઈ દાન-ધર્મ એમણે નહીં કર્યા હોય.’’ આમ, આવી જીવાકાકાની વાતો કરતાં-કરતાં અમે એમના ઘરે પહોંચ્યા. ત્યાં પહોંચીને અમને જે દ્રશ્ય જોવા મળ્યું તે જોઈને અમે બન્ને વિચારમાં પડી ગયા...

થયું એવું કે અમારી અડધી સોસાયટી ભરાઈ જાય, એટલાં બાળકો ત્યાં જોર-જોરથી રડતાં હતાં. અમને થયું કે જીવાકાકાના આટલા બધાં સગાંવહાલાં તો આવ્યા ન હોય ! તો આટલા બધાં બાળકો ક્યાંથી ?

મેં ત્યાં ઉપસ્થિત એક વ્યક્તિને કુતૂહલતાથી પૂછ્યું કે ''આ બધાં બાળકો કોણ છે ?'' આ સાંભળતાં જ એ સમજુ વ્યક્તિએ નમ્રતાથી કહ્યું કે ''આ એ અનાથ આશ્રમના બાળકો છે કે જે આશ્રમને જીવાકાકા ચલાવતા હતા. એમની લગભગ બધી કમાણી તેઓ આ બાળકો માટે ખર્ચતા હતા.''

આ બધી વાત સાંભળી અમારી આંખો ભીની થઈ ગઈ. અમને જીવાકાકા માટે સન્માન ઊભું થયું, સાથે પોતાના માટે ઘૃણા ઉત્પન્ન થઈ કે 'આવી સારી વ્યક્તિના મૃત્યુ પછી પણ આપણે એમના માટે સારું બોલી શકતા નથી.'

આ જ વાત મને દાદાની વાણીમાંથી મળી અને મારા દિલમાં જાણે પસ્તાવાની લાગણી ફરી વળી હોય એવું લાગ્યું...



# અવર્ણવાદ - પરોક્ષ કે મૃત્યુ પામેલાનો !

**પ્રશ્નકર્તા:** 'કલમ આઠ'માં મરેલાઓને પણ આપણે જે ક્ષમાપના કરીએ છીએ, આપણે જે કંઈ સંબોધન કરીએ, એ એને પહોંચે ખરું ?

**દાદાશ્રી :** એને પહોંચાડવાનું નથી. એ માણસ મરી ગયો અને તમે અત્યારે એના નામની ગાળો ભાંડો, તો તમે ભયંકર દોષમાં પડો. આમાં એવું કહેવા માગે છે. એટલે અમે ના કહીએ કે મરી ગયેલાનું પણ નામ ના દેવું. બાકી પહોંચાડવા, ન પહોંચાડવાનો સવાલ નથી. પણ મરી ગયેલાનું નામ ના દેવું. ખરાબ માણસ હોય અને બધું ઊંધું કરીને મરી ગયો, પણ એનું ભૂંડું પછી ના બોલવું.

અત્યારે રાવણનું અવળું ના બોલાય કારણ કે હજુ એ દેહધારી છે. એટલે એને 'ફોન' પહોંચી જાય. 'રાવણ આવો હતો ને તેવો હતો' બોલે, તે તેને પહોંચી જાય.

આપણાં કોઈ સગાંવહાલાં મરી ગયેલાં હોય અને તેની લોકો નિંદા કરતા હોય, તો આપણે વચ્ચે નહીં ભળવું, વચ્ચે ભળ્યા હોય તો આપણે પછી પસ્તાવો કરવો કે આવું ન થવું જોઈએ. કોઈ મરી ગયેલા માણસની વાતો કરવી એ ભયંકર ગુનો છે. જે મરી ગયો હોય એનેય આપણા લોક તો છોડતા નથી. એવું કરે કે ના કરે લોકો ? તે એવું ના હોવું જોઈએ, આપણે એવું કહેવા માગીએ છીએ. જોખમ છે એમાં, બહુ મોટું જોખમ છે.

તે વખતે પહેલાંના 'ઓપિનિયન'થી આ બોલાઈ જવાય. તે આ કલમ બોલતાં જાઓ, તો પેલી વાત બોલાય તો તેનો દોષ ન બેસે.

# અનુભવ





જ્યારે પણ કોઈ મૃત વ્યક્તિ વિષે હું નેગેટિવ બોલું, ત્યારે મને પૂજ્યશ્રીની એ વાત યાદ આવે કે 'તે વ્યક્તિનો શુદ્ધાત્મા અત્યારે બીજા કોઈ દેહમાં હાજર છે જ અને તે શુદ્ધાત્માને ટેલિફોન પહોંચી જ જાય.' એટલે જો ક્યારેક ભૂલથી પણ કોઈ મૃત વ્યક્તિ વિશે બોલાઈ જવાય તો તરત જ તેમના શુદ્ધાત્મા ભગવાન પાસે માફી માંગી લઉં છું.

**- વૃષ્ણા**

અમે જ્યારથી આ કલમ પર કામ શરૂ કર્યું ત્યારથી અમારી ટીમના બધાય લોકો સાથે મળીને ૧૫ વાર કલમ-૮ બોલતા. આ જ સમય દરમ્યાન મારી કૉલેજમાં ફેશન-શોની પ્રેક્ટિસ ચાલતી હતી, જેમાં એક છોકરી સમયસર આવતી ન હતી. હંમેશાં એના લીધે મોડું થઈ જતું. મને બહુ ગુસ્સો આવતો એટલે હું મેમને એના માટે ફરિયાદ કર્યા કરતી. ઘણી વખત તો ખોટી-ખોટી ફરિયાદ પણ કરતી. એક દિવસ હું મેમને તે છોકરી વિષે ખોટી ફરિયાદ કરીને પાછી આવી રહી હતી, ત્યાં જ મને અચાનક અંદરથી એવું થયું કે, ''હું આ શું કરી રહી છું? દાદાની કલમ શું આવું શીખવાડે છે ? ના.'' હું તરત એ છોકરી પાસે ગઈ અને મેં તેને કહ્યું કે, ''તારા સમયસર ન આવવાના કારણે મને તારા ઉપર ગુસ્સો આવતો હતો, એટલે મેં તારા વિશે ઘણું સાચું-ખોટું મેમને કહ્યું છે. પણ હવે મને મારી ભૂલ સમજાઈ ગઈ છે, સોરી.'' અને સાથે સાથે હું મનમાં કલમ-૮ બોલવા લાગી. સારું થયું વધારે બગડે એ પહેલાં ૮મી કલમે મને બચાવી લીધી.

**- હેતલ**





અક્રમ યુથ માટે આ કલમ પર કામ શરૂ કરતી વખતે અમારી ટીમે દરરોજ આ કલમ ૧૫ વખત બોલવાનું નક્કી કર્યું હતું અને એ મુજબ અમે રોજ કલમ-૮ બોલતા. આ બોલવાથી મને એનો અર્થ સમજાયો અને જ્યારે અમે ગ્રુપમાં કોઈ ગેરહાજર વ્યક્તિ વિષે આડી-અવળી વાત શરૂ કરીએ કે તરત જ મને કલમ-૮ યાદ આવી જાય અને હું બીજી જ પળે કલમ-૮ બોલવા લાગું કે જેથી ગ્રુપમાં એ વાત આગળ વધતી અટકે.

આનાથી મારી કોઈની નિંદા કરવાની કે કોઈ વ્યક્તિની પાછળ કંઈ પણ બોલવાની આદત જ છૂટી ગઈ.

**- મીરા**

# Quotes



- સંત કબીર


'તિનકા કબહું ના નિંદિયે, જો પાઁવ તલે હોય !
કબહું ઉડ આઁખો પડે, પીડ ઘનેરી હોંય !!'

**અર્થ :** તમારા પગ નીચે દબાયેલા નાના તણખલાની પણ ક્યારેય નિંદા ન કરો. જો ક્યારેક તે તણખલું ઊડીને તમારી આંખમાં પડે તો અત્યંત પીડાદાયી નીવડે છે.

'સકળ લોકમાં સહુને વંદે,
નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચલ રાખે,
ધન ધન જનની તેની રે...'




- નરસિંહ મહેતા



- જીદુ કૃષ્ણમૂર્તિ

'આપણામાંના મોટાભાગના લોકો પોતાની
શક્તિ, બોલબોલ કરીને -
સતત બોલબોલ કરીને,
ગપસપ કરીને, ટીકા કરીને,
પીઠ પાછળ બોલીને વેડફતા હોય છે.'



- જ્યોર્જ હેરિસન

‘ગપસપ એ શેતાનનો રેડિયો છે.
**તેના પ્રચારક ન બનશો.’**

## ‘હંમેશાં યાદ રાખો ...

અફવાઓ વિરોધીઓ દ્વારા ઊભી થાય છે,

ડફોળ લોકો દ્વારા ફેલાવાય છે,

અને મૂર્ખ લોકો દ્વારા સ્વીકારાય છે.’



- ઝિઆડ કે. અબ્દેલનૌર



- સ્ટીવ મારાબોલી

**‘જે લોકો ગપસપ કરે છે અને અફવાઓ ફેલાવે છે, તેમનાથી દૂર રહો. તેઓ બીજાની લાગણીઓ સાથે રમવાનો અને નેગેટિવિટીનો માર્ગ પસંદ કરી રહ્યા છે.’**

"કોઈપણ વ્યક્તિ વિશે નેગેટિવ વાતો ન કરશો અથવા અફવાઓ ન ફેલાવશો. તે તેમની અને તમારી પ્રતિષ્ઠા માટે નુકસાનકારક પુરવાર થઈ શકે છે."




- બ્રાયન કોસ્લો

**પ્રશ્નકર્તા :** કોઈ નેતાઓ અથવા રાજકારણીઓ કે જેમની સાચી વાત આપણે જાણતા નથી, તો તેમના વિષે સોશિઅલ મીડિયા ઉપર કોઈ આર્ટિકલ અથવા કોઈ લખાણ હોય, તેને લાઈક કરીએ તો આપણે અપરાધમાં પડ્યા કહેવાઈએ ?

**આપ્તપુત્ર :** હા, સોશિઅલ મીડિયા એ તો અપરાધ અને વિરાધનાની ખાણ છે. આપણને ન લેવા ન દેવા. લાઈક આપીએ એટલે આપણે એ વ્યક્તિના વ્યવસ્થિતની સંકલનામાં આવી ગયા. સોશિઅલ મીડિયા ખોટું નથી પણ આપણે તેનો યોગ્ય વપરાશ કરીએ તો સારામાં સારું. પણ આપણે આવી રીતે વપરાશ કરીએ તો બે પગમાંથી ચાર પગમાં (જાનવર ગતિમાં) જવાની તૈયારી રાખવાની.





**પ્રશ્નકર્તા :** વિરાધના અને અપરાધ વચ્ચે શું અંતર છે ?

**આપ્તપુત્ર :** આરાધનાનો વિરોધી શબ્દ વિરાધના. આરાધના એટલે ભજના કરવી અને વિરાધના એટલે સામા થવું, જ્યારે અપરાધ એટલે આડા થઈને સામા થવું.

દાખલા તરીકે જો કોઈ પૂજ્ય વ્યક્તિ નમસ્કાર કરવાનું કહે તો, આરાધક નમસ્કાર કરે, વિરાધક નમસ્કાર ન કરે અને આગળ ચાલવા લાગે. જ્યારે અપરાધી નમસ્કાર તો ન જ કરે ઉપરથી કોઈપણ રીતે હેરાન કરતો જાય.

**પ્રશ્નકર્તા :** આપણાથી અપરાધ કઈ રીતે થતો હોય છે ?

**આપ્તપુત્ર :** તમે મહાવીર ભગવાન અને ગોશાલકની વાત સાંભળી હશે. મહાવીર ભગવાનના શિષ્ય એવા ગોશાલક પોતાના ગુરુના પ્રબળ હરીફ બન્યા હતા. જેમની પાસેથી બધું શીખ્યા, તેમની જ સામે થવું એ તો બહુ મોટો અપરાધ કર્યો કહેવાય. ગેરવ્યાજબી કારણોસર કોઈ વ્યક્તિની અને એમાં પણ કોઈ પૂજ્ય વ્યક્તિની સામે થવું એ તો અતિ ભયંકર અપરાધ છે !

ગોશાલક પોતાને તીર્થંકર તરીકે ઓળખાવતો. જ્યારે મહાવીર ભગવાને આ વિષે ખુલાસો કર્યો, ત્યારે ક્રોધિત ગોશાલકે મહાવીર ભગવાન ઉપર તેજોલેશ્યા નાખી. તેજોલેશ્યાની સળગતી આગનું એક મહાવર્તુળ ભગવાનની પ્રદક્ષિણા કરીને ગોશાલકના શરીર તરફ પાછું ધસ્યું, તેના દેહમાં સમાઈ ગયું અને તે સાત દિવસમાં જ મૃત્યુ પામ્યો. છેલ્લા દિવસોમાં તેને ખૂબ પસ્તાવો થયો અને તેણે બધાને કહ્યું કે ‘હું તીર્થંકર નથી, મહાવીર ભગવાન જ સાચા તીર્થંકર છે.’ અને મહાવીર સ્વામીની માફી માંગી જેના ફળ સ્વરૂપે ગોશાલકની દેવ ગતિ બંધાઈ પણ તેણે જે તેજોલેશ્યા નાખી તેના ગુનારૂપે તેને નર્ક ગતિ તો આવી જ. માટે અપરાધ બાબતે બહુ સાચવવા જેવું છે.

# ચાલો, મદદ કરીએ



નિરાલી અમુક પરિસ્થિતિઓમાં ફસાઈ છે. તેને ખબર નથી પડી રહી કે તેણે શું કરવું જોઈએ. તો ચાલો, આપણે તેને મદદ કરીએ જેથી નિરાલી આ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળી શકે.

**૧** નિરાલીના ક્લાસમાં ઈતિહાસના પીરિયડમાં બીજા વિશ્વયુદ્ધ વિશે વાત આવે છે. એટલે ક્લાસના બધા વિદ્યાર્થીઓ હિટલર વિશે ચર્ચા કરવામાં ડૂબી ગયા છે. જેમાં એમના નેગેટિવ કૃત્યો કે હિંસાની વાતો જ વધારે હોય છે, આવામાં નિરાલીએ શું કરવું જોઈએ ?



(A) એકલા પડી જવું એના કરતાં ચર્ચામાં જોડાઈ રહેવું જોઈએ.

(B) ચર્ચા છોડીને જતાં રહેવું જોઈએ.

(C) નેગેટિવ બોલવું કે વિચારવું નહીં અને નેગેટિવ બોલનારને સાચી સમજણ મળે તેવી પ્રાર્થના કરવી જોઈએ.

(D) બહાર બોલવું નહીં પણ મનમાં 'હિટલર આવા જ હતા' એમ સહમત થવું જોઈએ.

**૨** નિરાલી તેની ક્લાસ ફ્રેન્ડ નીતિશા જોડે ઘરે જાય, ત્યારે નીતિશા દરરોજ તેના ક્લાસમાં ભણતી જીમી વિશે નેગેટિવ વાતો કર્યા કરે. જેમ કે 'કેટલી નબળી છે... તેને કંઈ જ ખબર નથી પડતી.' તો ત્યારે નિરાલીએ શું કરવું જોઈએ ?

(A) ઘરે એકલા જ જવું જોઈએ.

(B) તેની હા માં હા કર્યા કરવી જોઈએ કે જેથી ફ્રેન્ડશિપ તૂટી ન જાય.

(C) ચર્ચા દરમ્યાન મૌન રહેવું જોઈએ અને પ્રાર્થના કરવી જોઇએ કે જીમીનું નેગેટિવ નીકળી જાય અને ચર્ચાના અંતમાં બોલવું જોઈએ કે, ''આફ્ટર ઓલ, એ સ્વભાવે સારી છોકરી છે.''

(D) જીમીને નીતિશાએ કરેલી વાતો કહી દેવી જોઈએ.

**3** જ્યારે નિરાલીના મિત્રો ભિખારીને જોઈને એવી વાતો કરે કે, ‘‘આવા લોકોને મહેનત કરવી નથી અને પૈસા માંગવા છે.’’ ત્યારે ઘણી વાર નિરાલીથી પણ તેમાં સહમત થઈ જવાય છે ત્યારે શું કરવું જોઈએ ?

(A) ફ્રેન્ડ્સ જ બદલી દેવા જોઈએ.
(B) ભિખારીઓની મનમાં માફી માંગી લેવી જોઈએ.
(C) કૉલેજ જવાનો રસ્તો જ બદલી નાખવો જોઈએ.
(D) ફ્રેન્ડ્સ સાથે સહમત થવા કરતાં બીજી વાતો શરૂ કરવી જોઈએ.




**૪** મમ્મી-પપ્પા સાથે ટી.વી.માં ન્યૂઝ જોતી વખતે નિરાલીને ગુનેગાર માટે વિચારો આવ્યા કરે કે, ‘એમને ફાંસી આપી દેવી જોઈએ... ઉમરકેદ થવી જોઈએ...’ ત્યારે તેણે શું કરવું જોઈએ ?



(A) મમ્મી-પપ્પાને ન્યૂઝ જોવાની જ ના પાડી દેવી જોઈએ.
(B) ટી.વી. જ બંધ કરી દેવું જોઈએ.
(C) જેના માટે ખરાબ વિચારો આવે તેની માફી માંગવી જોઈએ.
(D) ફ્રેન્ડ્સ જોડે ચેટ કરવાનું શરૂ કરી દેવું જોઈએ.

**૫** ઈતિહાસના ટીચરને બોલવામાં થોડી તકલીફ પડે છે. જેમની રિસેસમાં નકલ કરીને નિરાલીના મિત્રો ખૂબ જ મશ્કરી કરે છે અને નિરાલી પણ ઘણીવાર એ મશ્કરીમાં ભાગ લઈ લે છે. ત્યારે તેણે શું કરવું જોઈએ ?

(A) પીયર પ્રેસરની અસર હેઠળ મશ્કરીમાં જોડાયેલા રહેવું.
(B) કંઈપણ બોલવું જ ન જોઈએ.
(C) ‘મને પણ બોલવામાં આવી તકલીફ પડતી હોત તો !’ એમ વિચારીને ઈતિહાસના ટીચરની માફી માંગી લેવી અને મિત્રો માટે પ્રાર્થના કરવી જોઈએ.
(D) ઈતિહાસનો પીરિયડ જ ન ભરવો જોઈએ.

જવાબ ૧, (C) ૨, (C) ૩, (B) ૪, (C) ૫, (C)

# CONTEST TIME!

Exciting Prizes

GOOD LUCK!

## The power of 9 series 8

9 AKRAM YOUTH

9 KALAM

15 QUESTIONS FOR EVERY MONTH

## TODAY'S YOUTH APP

**The Official App of Dada Bhagwan Youth Group**

for visiting youth.dadabhagwan.org

for downloading Free PDF of **Akram Youth magazine**

for **Subscribing** to Akram Youth Magazine

to play **The Power of 9 QUIZ** and much more...

Youth

Scan here to Download App

ANDROID APP ON Google play

Download on the App Store

# #કવિતા

ક્યારેક અજાણતા, તો ક્યારેક વળી જાણી જોઈને;
વાણીથી, તો ક્યારેક વર્તનથી દુઃખ આપી દીધું કોઈને..

બસ આમ જ વિનય, ઘણીવાર ચૂકાઈ ગયો છે;
મોઢું બગડે, તો ક્યારેક સામો જવાબ અપાઈ ગયો છે..

કોઈનું અવળું બોલી, પછી મનોમન મલકાયા છીએ;
નિંદાથી વધી, અમે છેક અવર્ણવાદ સુધી ગયા છીએ..

પ્રત્યક્ષ કે પછી પરોક્ષની, ઘણી વિરાધનાઓ કરી છે;
ઉપરથી ખુશ થતાં, જાત અમારી અપરાધી ઠરી છે..

અજ્ઞાનમાં, આવી તો કેટલીયે ભૂલો અવનવી કરી છે;
હવે જ્ઞાની મળતાં, શરૂઆત પાછા ફરવાની કરી છે...

હે દાદા ! અમને શક્તિ આપો કે, 'બધું ધોવાઈ જાય...
ભાવ ફરી ગયા છે, ધીમે રહીને વર્તન પણ ફરી જાય...'

વર્ષ: ૮, અંક : ૩
સળંગ અંક : ૮૭
જુલાઈ ૨૦૨૦


Date of Publication 22nd of every month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/ valid upto 31.12.2022
Licensed to Post without Pre-payment
No. PMG/HQ/104/2020-2022
valid upto 31.12.2022
Posted at Adalaj Post Office on
22nd of every month

Dada Bhagwan

*Spirituality at your fingertips...*

આપ્તસુત્ર
પુસ્તકો
જ્ઞાનવાણી
વૉલપેપર
ભક્તિપદો
મેગેઝીન

અને બીજું ઘણું...




**App For Android & iOS**

dadabhagwan.org

**Send your suggestions and feedback at: akramyouth@dadabhagwan.org**
**Printed and Published by Dimple Mehta on behalf of Mahavideh Foundation-Owner.**
**Printed at : Amba Offset, B-99, GIDC, Sector-25, Gandhinagar – 382025.**